# 'ધ ઘોસ્ટ' ના નામથી આંતરરાષ્ટ્રીય 'સાયબર સ્લેવરી' રેકેટ ચલાવનાર મુખ્ય સૂત્રધાર નીલ પુરોહિતની ધરપકડ

## ગુજરાત સાયબર સેન્ટર ઓફ એક્સલન્સની મોટી સફળતા

ગાંધીનગર,

રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશો અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રૂ. ૫૦૦ કરોડના ખર્ચે અધ્યતન ટેક્નોલોજી અને મહત્તમ સ્ટાફ સાથે તૈયાર થઈ રહેલા સાયબર સેન્ટર ફોર એક્સેલન્સ (Cyber Centre of Excellence) દ્વારા આજે વધુ એક મોટી સફળતા મેળવવામાં આવી છે. સાયબર સેન્ટર ફોર એક્સેલન્સ એ મ્યાનમારના ક્ક્ક પાર્ક અને કમ્બોડિયા ખાતે ચાઈનીઝ સાયબર માફિયા દ્વારા સંચાલિત 'સાયબર સ્લેવરી' (Cyber Slavery) સ્કેમ સેન્ટરો માટે ભારતીય યુવાનોને સપ્લાય કરતા મુખ્ય સૂત્રધાર-એજન્ટ નીલેશ પુરોહિત ઉર્ફે નીલને ઝડપી પાડ્યો છે.

સાયબર ક્રાઈમના વધતા ગુનાઓ સામે કડક કાર્યવાહી કરવાના સીઆઈડી ક્રાઈમ પોલીસ મહાનિદેશક શ્રી ડો. કે.એલ.એન. રાવ અને નાયબ પોલીસ મહાનિરીક્ષક શ્રી પરીક્ષિતા રાઠોડના આદેશોને પગલે, પોલીસ અધિક્ષકશ્રી ડૉ. રાજદીપસિંહ ઝાલા, સંજય કેશવાલા, અને વિવેક ભેડાના સુપરવિઝન હેઠળ આ સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું.

સાયબર સેન્ટર ઓફ એક્સલન્સની ટીમે ટેકનિકલ એનાલિસિસ દ્વારા 'ઘોસ્ટ' (Ghost) તરીકે કામ કરતા અને મલેશિયા ભાગી જવાની ફિરાકમાં રહેલા નીલ પુરોહિતને ગાંધીનગર ખાતેથી ઝડપી પાડ્યો હતો. તેના બે મુખ્ય સાથીદાર સબ-એજન્ટ હિતેશ સોમૈયા અને સોનલ ફળદુની પણ ધરપકડ કરવામાં આવી હતી. આજે નીલ પુરોહિતના ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. અને આ રેકેટના વધુ બે આરોપીઓ ભાવદીપ જાડેજા અને હરદીપ જાડેજાની પણ ધરપકડ કરવામાં આવી છે.

### આંતરરાષ્ટ્રીય સ્તરનું નેટવર્ક

તપાસમાં બહાર આવ્યું છે કે નિલેશ પુરોહિત એક અત્યંત સુવ્યવસ્થિત આંતરરાષ્ટ્રીય સાયબર-સ્લેવરી નેટવર્ક ચલાવતો હતો. તે ૧૨૬થી વધુ સબ-એજન્ટોનું સંચાલન કરતો હતો. એટલું જ નહીં, આરોપી ૩૦થી વધુ પાકિસ્તાની એજન્ટોના સંપર્કમાં હતો અને ૧૦૦થી વધુ ચાઈનીઝ તથા વિદેશી કંપનીઓના ઉઁઇ નેટવર્ક સાથે સીધો કનેક્શન ધરાવતો હતો, જે સાયબર-ફ્રોડ સ્કેમ કેમ્પમાં માણસો સપ્લાય કરતા હતા.

આરોપી અન્ય ૧૦૦૦થી વધારે નાગરિકોને સાયબર સ્લેવરી માટે ઉપરોક્ત દેશોમાં મોકલવા માટે ડીલ કરી ચૂક્યો હોવાનું તપાસમાં ધ્યાને આવ્યું છે. જેમાંથી ઓપરેશન પાર પાડયાના આગળના દિવસે જ આરોપીએ એક પંજાબના નાગરીકને કમ્બોડિયા મોકલ્યો હોવાનું તપાસમાં ખુલ્યું છે. આ આરોપી દુબઈ, લાઓસ, થાયલેન્ડ, મ્યાનમાર તથા ઈરાનનો પ્રવાસ કર્યો હોવાનું પણ તપાસમાં જણાઈ આવ્યું છે.

આરોપીએ દક્ષિણ પુર્વ એશિયાઇ દેશોની ટીકીટ બુક કરાવી ભારત, શ્રીલંકા, ફિલિપાઈન્સ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, નાઈજીરિયા, ઈજિપ્ત, કેમેરૂન, બેનિન અને ટ્યુનિશિયા જેવા દેશોના ૫૦૦થી વધુ નાગરિકોને સીધા અથવા દુબઈ મારફતે મ્યાનમાર, કમ્બોડિયા, વિયેતનામ અને થાઈલેન્ડ ખાતે સાયબર સ્લેવરી માટે મોકલ્યા હતા.

# ૯ લોકોનાં મોત નિપજાવનારા તથ્ય-પિતા પ્રજ્ઞેશ પટેલ સામે ચાર્જફ્રેમ થયાં

અમદાવાદ,

ઈસ્કોન બ્રિજ પર ૨૦ જુલાઈ ૨૦૨૩ની મધરાત્રે થયેલી ભયાનક દુર્ઘટનામાં ૯ નિર્દોષ લોકોના જીવ દાવ પર લગાવનાર તથ્ય પટેલ વિરુદ્ધ સુપ્રીમ કોર્ટના આદેશ બાદ આખરે ઝડપી કાર્યવાહી શરૂ થઈ છે. સુપ્રીમ કોર્ટે તથ્ય સામે ત્રણ સપ્તાહમાં ચાર્જફ્રેમ કરી સાક્ષીઓનાં નિવેદન શરૂ કરવા સ્પષ્ટ હુકમ આપ્યો હતો. આ તરફ હવે અમદાવાદ રૂરલ સેસન્સ કોર્ટમાં તથ્ય અને તેના પિતા પ્રજ્ઞેશ પટેલ બંને સામે ચાર્જફ્રેમ કરી દેવામાં આવ્યા છે.

તથ્ય પટેલ ને કોર્ટમાં ભારે પોલીસ બંદોબસ્ત હેઠળ હાજર કરાયો હતો અને જજે તમામ કલમો વાંચી સહી લેવડાવી. હવે આ કેસના મુખ્ય સાક્ષીઓની જુબાની શરૂ થવાની છે, જેને કારણે બે વર્ષથી અટવાયેલો ટ્રાયલ હવે ગતિ પકડશે.

અકસ્માત બાદ ફક્ત સાત જ દિવસમાં પોલીસ દ્વારા ૧૬૮૪ પાનાની ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવી હતી. ચાર્જશીટમાં ૧૪ દસ્તાવેજી પુરાવાઓ, ૯ મૃતકોના પોસ્ટમોર્ટમ રિપોર્ટ, ૧૯૧ સાક્ષીઓનાં વિગતો, સીઆરપીસી ૧૬૪ હેઠળ ૮ મહત્વના નિવેદનો, ૧૫ એફએસએલ રિપોર્ટ, અકસ્માતમાં ઘાયલ ૧૨ વ્યક્તિઓનાં મેડિકલ પુરાવા અને કુલ ૨૫ પંચનામા સમાવેશ કરાયા છે. આ સાથે તેમાં તથ્યનાં સાથે રહેલા તેના ૫ મિત્રો પણ મહત્વનાં સાક્ષી છે.આ સમગ્ર તપાસ ટ્રાફિક વિભાગના એસીપી એસ.જે. મોદી અને પીઆઇ વી.બી. દેસાઇની આગેવાની હેઠળ ૧૭ પોલીસ અધિકારીઓની ટીમે પૂર્ણ કરી હતી. આઈપીસી ૩૦૪ હેઠળ ૧૦ વર્ષનાં કેદની જોગવાઈ છે. તથ્યે આ કલમમાંથી ડિસ્ચાર્જ મેળવવા હાઈકોર્ટમાં અરજી કરી છે, જે હજી પેન્ડિંગ છે.

તથ્યે જેગુઆર કારને ૧૪૧ કિમી પ્રતિ કલાકની ઝડપે દોડાવતા નિયંત્રણ ગુમાવી ભીડમાં ઘુસાડતા ૯ લોકોનાં મોત નીપજ્યાં હતાં અને ૧૨ લોકો ઘાયલ થયા હતાં. હજી પણ એક વ્યક્તિ કોમામાં છે. આ ઘટના પછીથી તથ્યને ક્યાંયથી જામીન મળ્યા નથી. બે વર્ષથી તે સાબરમતી જેલમાં છે. તેને ફક્ત બે વખત જ તાત્કાલિક જામીન મળ્યા હતા, એક વાર દાદાના નિધન સમયે અને બીજી વાર માતાના ઓપરેશન માટે.

રાજ્ય સરકારે આ કેસને ''ફાસ્ટ-ટ્રેક'' ગણાવી સાત દિવસમાં ચાર્જશીટ ફાઇલ કરી હતી, પરંતુ તથ્યે હાઇકોર્ટમાં ડિસ્ચાર્જ અરજી દાખલ કરતા સેસન્સ કોર્ટમાં ચાર્જફ્રેમ અટક્યા હતા.

# બનાસકાંઠાના રમેશ ચૌધરીની મુંબઈમાં હત્યા સહકર્મીએ ઢોર માર મારી મોતને ઘાટ ઉતાર્યો

પાલનપુર,

મહારાષ્ટ્રમાં દક્ષિણ મુંબઈ વિસ્તારમાં એક ખાનગી સ્ટીલ કંપનીમાં મૂળ ગુજરાતના રહીશ એવા ૩૯ વર્ષના એક કર્મચારીની તેના જ સહકર્મીએ ઢોર માર મારીને હત્યા કરી નાખી. આ વાતની જાણકારી એક પોલીસ અધિકારીએ આપી. એક અધિકારીએ જણાવ્યું કે આ ઘટના ગિરગાંવ સ્થિત સેન્ટેક કોટેડ સ્ટીલ્સ પ્રાઈવેટ લિમિટેડમાં રાતે ૧ થી ૧.૩૦ વાગ્યાની વચ્ચે ઘટી.

મૃતકની ઓળખ ગુજરાતના બનાસકાંઠાના રહીશ રમેશ હાજી ચૌધરી તરીકે થઈ છે. પોલીસ અધિકારીના જણાવ્યાં મુજબ તે પરિસરમાં રહેતા અને કામ કરતા આરોપી સૂરજ સંજય મંડલ (૨૨)એ ચૌધરી પર લાકડીનું સ્ટૂલ અને અગ્નિશામક યંત્રાથી હુમલો કર્યો. જેના કારણે તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું.

જીવલેણ હુમલો કયા કારણે કરવામાં આવ્યો તે હજુ સુધી સામે આવ્યું નથી. પોલીસે જણાવ્યું કે ભારતીય ન્યાય સંહિતા હેઠળ આરોપી સામે હત્યાનો મામલો નોંધવામાં આવ્યો છે અને તેને પકડવાના પ્રયત્નો ચાલુ છે. પોલીસે દાવો કર્યો કે આરોપીની જલદી ધરપકડ થઈ જશે.

# "હું અહીં ડીએસપી હતો ત્યારે દારૂમાં થોડું થોડું ચલાવી લેતો, મંત્રીના નિવેદનથી વિવાદ

છોટાઉદેપુર,

ગુજરાત સરકારના એક રાજ્યમંત્રી, જેઓ ભૂતકાળમાં આઈપીએસ અધિકારી રહી ચૂક્યા છે, તેમણે પોતાની જ સરકારના 'ગૌરવગાન' કાર્યક્રમમાં કાગળ પર રહેલી દારૂબંધીની છડેચોક પોલ ખોલી નાખતા ખળભળાટ મચી ગયો છે. અન્ન-નાગરિક પુરવઠા રાજ્યમંત્રી પૂનમચંદ બરંડાએ છોટાઉદેપુરમાં સરકારી 'ગૌરવ યાત્રા' દરમિયાન આપેલા નિવેદનથી ભારે વિવાદ સર્જાયો છે.

નસવાડીમાં બિરસા મુંડા જન્મજયંતિ નિમિત્તે યોજાયેલી આ ગૌરવ યાત્રામાં તેમણે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ધીરુભાઈ ભીલનો હાથ પકડીને તેમની સાથેના સંબંધો વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે "હું ૨૦૧૫માં અહીં ડીએસપી તરીકે આવ્યો ત્યારે અમારી મિત્રાતા થઈ હતી. તેઓ મને દારૂના વેચાણની ફરિયાદો કરતા ત્યારે મારે તો ચલાવી લેવુ પડે, આદિવાસી દારૂ પીવે. થોડું થોડું ચાલવાનું યાર"

ભાજપની ટિકિટ પર ભિલોડામાંથી પહેલી જ ટર્મના ગુજરાતના ધારાસભ્ય બન્યા બાદ સીધા જ રાજ્ય સરકારમાં મંત્રીપદે પહોંચેલા પૂર્વ આઈપીએસ અધિકારી પૂનમચંદ બરંડાએ છોટાઉદેપુરમાં એક સભાને સંબોધતા ચોંકાવનારું નિવેદન આપતા ખળભળાટ મચ્યો છે. તેમણે કહ્યું હતું કે "હું અહીં ડીએસપી હતો ત્યારે દારૂમાં થોડું થોડું ચલાવી લેતો, આદિવાસી તો દારૂ પીવે યાર!"

રાજ્યકક્ષાના આ મંત્રીએ સરકારી કાર્યક્રમમાં આપેલા નિવેદનથી એકસાથે ત્રણ મુદ્દાઓ પર સવાલો ઊભા થયા છે. જેમાં પોતાની જ સરકારના શાસનમાં દારૂબંધીની સ્થિતિ, ડીએસપી તરીકે કાયદો-વ્યવસ્થાની જાળવણીમાં છૂટછાટ આપવી અને ગુજરાતમાં માત્ર કાગળ પર રહેલી દારૂબંધીની સચ્ચાઈ સરેઆમ જાહેર કરી એ ત્રણેયનો ભાંડો ફોડી કાઢ્યો છે.

ઉલ્લેખનીય છે કે, આઈપીએસમાંથી રાજીનામું આપીને રાજકારણમાં આવેલા બરંડા દારૂબંધીના અમલને લઈને અગાઉ પણ વિવાદોમાં રહ્યા છે. હવે આ વીડિયો વાયરલ થતાં, તેમણે 'દારૂ અને દોસ્તી'ની વાતો કરીને ભાજપ અને પોતાનું પોત પ્રકાશ્યું હોવાનું ચિત્ર સર્જાયું છે.

# પંચમહાલમાં રસ્તા પર લટકતી ચાઈનીઝ પતંગની દોરી આધેડના ગળામાં ફસાઈ ગઈ

દાહોદ,

પંચમહાલમાં આવેલા બોડેલીના અલીપુરા ચાર રસ્તા પાસે એક આધેડ બાઈક સવારના ગળામાં ચાઈનીઝ દોરી ફસાઈ જતાં તેને ગળા પર ગંભીર ઈજા થઈ હતી. ત્યાં હાજર લોકોએ તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં તેને ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પ્રાથમિક સારવાર બાદ તેને વડોદરા રિફર કરવામાં આવ્યો હતો, જયાં તેનું ટૂંક સમયમાં જ મોત નીપજ્યું હતું.

બોડેલીના અલીપુરા ચારરસ્તા પાસે એક હૃદયદ્રાવક ઘટના બની હતી.સંખેડાના વાગેઠા ગામના બાઈક સવાર જગદીશ તરબડા ત્યાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે રસ્તા પર લટકતી ચાઈનીઝ દોરી અચાનક તેમના ગળામાં ફસાઈ ગઈ હતી. ચાઈનીઝ દોરી તેમના ગળામાં ફસાઈ ગઈ હતી, જેના કારણે તેમને ઊંડો ઘા થયો હતો અને ખૂબ લોહી નીકળ્યું હતું.

રાહદારીઓએ તાત્કાલિક તેમને ગંભીર હાલતમાં નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જોકે, વધુ પડતા રક્તસ્ત્રાવને કારણે તેમની હાલત વધુ ખરાબ થતાં તેમને વધુ સારવાર માટે વડોદરા લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ ટૂંક સમયમાં તેમનું મૃત્યુ થયું. આ સમગ્ર ઘટનાથી બોડેલીમાં ભારે હોબાળો મચી ગયો છે. સ્થાનિક લોકોમાં ચાઈનીઝ દોરી પ્રત્યે ગુસ્સો સ્વાભાવિક છે. ખાસ કરીને જેમ જેમ ઉતરાણ નજીક આવી રહ્યું છે, તેમ તેમ ચાઈનીઝ દોરીના ઉપયોગ પર નિયંત્રણો અને પ્રતિબંધોના કડક અમલ માટે માંગણીઓ વધી રહી છે.

# એક્સેલસોફ્ટ ટેકનોલોજી નો ipo આજે ખુલ્યો

એક્સેલસોફ્ટ ટેકનોલોજી નો ipo આજે ખુલ્યો છે. જેનો પ્રાઈઝ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂપિયા ૧૧૪ થી રૂપિયા ૧૨૦ નો છે.બીડ્સ લઘુત્તમ ૧૨૫ ઈકવીટી શેર અને ત્યારબાદ ૧૨૫ ઈકવીટી શેર ના ગુણાંક માં કરવાની છે.ઈશ્યુ ૨૧ નવેમ્બરે બંધ થશે.




# શું વધુ માર્ક્સ ધરાવતા EWS ઉમેદવારને જનરલ કેટેગરીમાં સ્થાન મળી શકે? : ગુજરાત હાઈકોર્ટે GPSCનો જવાબ માંગ્યો

અમદાવાદ,

ગુજરાત હાઈકોર્ટે GPSC (ગુજરાત જાહેર સેવા આયોગ) સમક્ષ એક મહત્વપૂર્ણ કાયદાકીય પ્રશ્ન મૂક્યો છે. હાઈકોર્ટે પૂછ્યું છે કે, શું કોઈ ઉમેદવારને મેરીટ લિસ્ટ માટે 'આર્થિક રીતે નબળા વર્ગ' (EWS)માંથી 'સામાન્ય શ્રેણી' (General Category)માં જવાની મંજૂરી આપી શકાય કે નહીં? આ અરજી એક ઉમેદવારને લઈને છે, જે ગુજરાત વહીવટી સેવા માટેની ક્લાસ-૧ અને ક્લાસ-૨ની GPSC પરીક્ષામાં EWS ઉમેદવાર તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. ફેબ્રુઆરી, ૨૦૨૩માં પ્જીઝએ તેમને અયોગ્ય જાહેર કર્યા હતા. કારણ કે, તેઓ EWS ઉમેદવાર તરીકે રાજ્ય સરકારની નોકરી માટે પરિવારની આવકનું પ્રમાણપત્ર નક્કી કરેલી સમયમર્યાદામાં આપી શક્યાં નહોતાં.

# ૪૪ લાખ લીધા બાદ દસ્તાવેજ કે બાનાખત ન કરી આપનાર બિલ્ડર સામે ફરિયાદ

અમદાવાદ,

અમદાવાદમાં રહેતા યુવકને બિલ્ડરે પોતાની સાઈટમાં ૬૧ લાખ રૂપિયામાં મકાન આપવાનું નક્કી કર્યું હતું. યુવકે બિલ્ડર પર વિશ્વાસ કરીને મકાન પેઠે ૪૪ લાખ રૂપિયા આપ્યા હતા પરંતુ પૈસા આપ્યા બાદ બિલ્ડરે મકાનનો બહાના કટકે વેચાણ દસ્તાવેજ આપ્યો નહોતો વારંવાર કહેવા છતાં દસ્તાવેજ ના કરી આપતા યુવકે બિલ્ડર વિરુદ્ધ વાડજ પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

સોલામાં રહેતા બ્રિજેશ રાવલ ખાનગી કંપનીમાં જનરલ મેનેજર તરીકે નોકરી કરે છે.તેમની કંપની દ્વારા સરકારી કોન્ટ્રાક્ટ મેળવી રોડ રસ્તા તેમજ બિલ્ડીંગનું કન્સ્ટ્રકશન કામ કરવામાં આવે છે.બ્રિજેશભાઈનો સંપર્ક નવા વાડજ ખાતે આવેલી શ્યામ હાઈટ્સ નામની કન્સ્ટ્રક્શન સાઈટના બિલ્ડર ભાવિન પોરીયા સાથે થયો હતો. ૨૦૨૩માં બ્રિજેશભાઈએ ભાવિન પોરિયાને મકાન ખરીદવા બાબતેની વાતચીત કરી હતી. ભાવિને બધા ખર્ચ સાથે તેની સાઈટમાં ૬૧ લાખમાં મકાન આપવાનું નક્કી કર્યું હતું. મકાનની ખરીદી પેટે બ્રિજેશભાઈએ બેંકમાંથી અલગ અલગ આરટીજીએસ દ્વારા કુલ ૫૩.૫૦ લાખ રૂપિયા આપ્યા હતા.

# સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રૂ. ૧.૪૨ કરોડના ગાંજા સાથે બેંગકોકથી આવેલા મુસાફરની ધરપકડ!

સુરત,

સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર મોટી કાર્યવાહીમાં અધધ ૧.૪૨ કરોડની કિંમતનો ૪ કિલો જેટલો માદક પદાર્થ એટલે કે હાઇડ્રોપોનિક ગાંજો (હાઇબ્રિડ વીડ) જપ્ત કરાયો છે. આ માદક પદાર્થની હેરફેર કરવાના આરોપમાં બેંગકોકથી આવેલા એક મુસાફરની ધરપકડ પણ કરાઈ છે. નોંધનીય છે કે, આ કાર્યવાહી એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગ,સીઆઈએસએફ અને સુરત ક્રાઇમ બ્રાન્ચની સંયુક્ત ટીમે બાતમીને આધારે હાથ ધરી હતી, જેમાં હાલ તમામને સફળતા મળી છે.




મળતી માહિતી મુજબ, પકડાયેલા આરોપીની ઓળખ જાફર અકબર ખાન તરીકે થઈ છે, જે એર ઇન્ડિયા એક્સપ્રેસની ફ્લાઇટ આઈએક્સ-૨૬૩માં સીટ નંબર ૨૭ઝ પર બેસીને બેંગકોકથી સુરત આવ્યો હતો. જે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચતાં જ પોલીસને પહેલાથી જ મળેલી બાતમીને આધારે સીઆઇએસએફ અને કસ્ટમ વિભાગની મદદથી તપાસ શરૂ કરી હતી.

સઘન તપાસ દરમિયાન તેના લગેજમાંથી કુલ ૮ પેકેટમાં છુપાવેલો ઉચ્ચ ગુણવત્તાવાળો માદક પદાર્થ એટલે કે હાઇડ્રોપોનિક ગાંજો (હાઇબ્રિડ વીડ) મળી આવ્યો હતો.

# મહેસાણામાં ભેજાબાજોએ સાયબર ફ્રોડનો નવો કીમિયો અપનાવ્યો, ૭ રાજ્યોમાં નોધાઈ ફરિયાદ

મહેસાણા,

મહેસાણા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશને દેશવ્યાપી સાયબર છેતરપિંડીનો પર્દાફાશ કર્યો છે, જેમાં એપ્રિલ ૨૦૨૪થી નવેમ્બર ૨૦૨૫ સુધીમાં ૮.૩૭ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતા એક મ્યુલ એકાઉન્ટ સામે કેસ નોંધવામાં આવ્યો છે. આ એકાઉન્ટનો ઉપયોગ દેશભરના સાત રાજ્યોમાં થયેલા સાયબર ગુનાઓમાંથી મળેલી રકમ જમા કરવા માટે કરવામાં આવતો હતો.

બંધન બેંકમાં એક ખાતું ખોલવામાં આવ્યું હતું. સાયબર ક્રાઇમ પોલીસની તપાસમાં જાણવા મળ્યું છે કે આ બંધન બેંક ખાતું ''હિતેશ ટ્રેડર્સ'' નામની પેઢીના નામે ખોલવામાં આવ્યું હતું. ફરિયાદ મુજબ, ફ્રોડની રકમ, ૧.૧૧ લાખ કેસ ચેકથી ઉપાડ્યા હોવાનું સામે આવ્યું હતું અને પછી ચેક દ્વારા ઉપાડી લેવામાં આવી હતી. પોલીસે સમગ્ર કૌભાંડમાં સામેલ બે આરોપીઓ, હિતેશ રાવળ અને પીયૂષ પટેલ સામે છેતરપિંડી અને ગુનાહિત કાવતરાનો કેસ નોંધ્યો છે.

તપાસમાં બહાર આવ્યું છે કે આરોપીઓએ બેંક ખાતું ખોલવા માટે ખોટા અને બનાવટી દસ્તાવેજો રજૂ કર્યા હતા. આ દસ્તાવેજોમાં કૃષિ ઉત્પન્ન બજાર સમિતિ અને દુકાન અને સ્થાપના નોંધણીના દસ્તાવેજોનો સમાવેશ થાય છે. જ્યારે પોલીસે 'હિતેશ ટ્રેડર્સ' દ્વારા આપવામાં આવેલા સરનામાની ચકાસણી કરી, ત્યારે તેમને જાણવા મળ્યું કે તે સરનામે કોઈ પેઢી અસ્તિત્વમાં નથી.હિતેશ રાવળ અને પીયૂષ પટેલ નામના લોકો સામે ગુનો નોંધાયો છે.

આ બેંક ખાતાની શંકાસ્પદ પ્રવૃત્તિઓ ફક્ત ગુજરાત સુધી મર્યાદિત નહોતી. બેંગલુરુ, પટના, ગુજરાત, મધ્યપ્રદેશ, ઓડિશા, પંજાબ અને રાજસ્થાન સહિત ૭ રાજ્યોમાંથી આ બેંક ખાતા વિરુદ્ધ ફરિયાદો નેશનલ સાયબર ક્રાઇમ રિપોર્ટિંગ પોર્ટલ પર દાખલ કરવામાં આવી છે.મહેસાણા સાયબર ક્રાઇમ પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૧૭(૪), ૩૧૮(૪), અને ૬૧ હેઠળ કેસ નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. સબ-ઈન્સ્પેક્ટર નારાયણસિંહ ઈશ્વરસિંહ ચાવડાને તપાસ સોંપવામાં આવી છે.

# પ્રેમમાં અંધ બનેલી સગીરાનું કળિયુગી કૃત્ય,લગ્ન કરવા માતા-પિતાના ભોજનમાં ઝેર નાખ્યું!

અમદાવાદ,

શહેરના પોશ વિસ્તારમાં રહેતી અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતી ૧૫ વર્ષીય સગીરા સોશિયલ મીડિયા થકી એક ૨૦ વર્ષીય યુવકના સંપર્કમાં આવી હતી અને તે ધીરેધીરે આ દોસ્તી પ્રેમસંબંધમાં પરિવર્તિત થઈ. આ પ્રેમપ્રકરણનો ભાંડો ત્યારે ફૂટ્યો જયારે પિતાએ અકસ્માતે સગીરાનો મોબાઈલ ચેક કર્યો અને પ્રેમી સાથેની ચેટ્સ વાંચી લેતા પિતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

આ પ્રેમસંબંધની જાણ થતાં માતા-પિતાએ પહેલા તો દીકરીને સમજાવીને આ રિલેશન તોડી નાખવા સમજાવી હતી, પરંતુ પ્રેમાંધ દીકરીના મનમાં કંઈક અલગ જ ચાલી રહ્યું હતું. પહેલા તો પ્રેમમાં અંધ બનેલી સગીરાએ માતા-પિતાના આ નિર્ણયનો સખત વિરોધ કર્યો. ઘરમાં મોટો ઝઘડો તથા મારઝૂડ શરૂ થઈ. માતા-પિતાએ પોતાની દીકરીને અપાવેલો ફોન પણ તેના હાથમાંથી લઈ લેતાં સગીરા વધુ ઉશ્કેરાઈ ગઈ હતી.

પ્રેમી સાથે લગ્ન કરવાની જીદમાં સગીરાએ પોતાના રસ્તામાં અડચણરૂપ બનતા માતા પિતાને માર્ગમાંથી કાઢી નાંખવાનો પ્લાન બનાવ્યો હતો. બે દિવસ પહેલા જ ઝેરની બોટલ ખરીદીને પોતાની પાસે રાખી હતી. માતા-પિતા પ્રેમલગ્ન માટે તૈયાર ન થતાં, તેમણે ભોજનમાં ઝેર નાખી દેવાનો ઘાતક પ્લાન બનાવ્યો હતો. બનાવના દિવસે માતા રસોઈ બનાવીને બાથરૂમમાં ગયા હતા. આ તકનો લાભ લઈને સગીરાએ પોતાની બેગમાં સંતાડેલી ઝેરની બોટલ કાઢી અને ઘરમાં તૈયાર કરેલા ભોજનમાં ઝેર ભેળવી દીધું. જોકે, સગીરા ઝેરની બોટલ રસોડામાં જ મૂકીને જતી રહી હતી, જેના કારણે માતાની નજર બોટલ પર પડતા ભાંડો ફૂટ્યો હતો.

ઝેરની બોટલ જોઈને માતાને શંકા ગઈ અને તેમણે દીકરીની પૂછપરછ કરી. ત્યારે સગીરાએ ચોંકાવનારી કબૂલાત કરી અને જણાવ્યું કે, "તમે મને પ્રેમ લગ્ન નથી કરાવતા તેથી તમને ઝેર આપીને હું પ્રેમી સાથે લગ્ન કરી લઈશ." આટલું કહીને તેણે માતા-પિતા સાથે મારઝૂડ કરી અને ધમકીઓ આપવા લાગી હતી.

દીકરીના આ વર્તનથી કંટાળીને અને હતાશ થઈને માતા-પિતાએ આખરે ૧૮૧ મહિલા અભયમ હેલ્પલાઇનનો સંપર્ક કર્યો. અભયમની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને સગીરાનું સઘન કાઉન્સેલિંગ કર્યું. કાઉન્સેલિંગ દરમિયાન સગીરાને પોતાની ભૂલ સમજાઈ. તેને પસ્તાવો થયો અને તેણે માતા-પિતાની માફી માગી લીધી. એટલું જ નહીં, તેણે પ્રેમી સાથેનો તમામ સંપર્ક તોડી નાખ્યો અને ફરીથી માતા-પિતા સાથેના સંબંધો સુધારી લેવાનો નિર્ણય લીધો.